## કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

(Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

બ્લોક નં. ૧૬ ભોયતળીયે , ડૉ. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૧૦

---

**પ્રાથમિક સુનાવણી નં. ૫૧૯ / ૨૦૧૫** **ક્રમાંક કમિ/ અપગ/૨૦૧૫-૧૬/**

**તા. ૦૬ / ૧૧ / ૨૦૧૫**

**વાદીઃ-**

**શ્રી રાઠોડ યુવરાજસિંહ ભરતસિંહ,**
**૬૬૭/૧, સુર્યપુજન સોસાયટી,**
**પેથાપુર,**
**તા.જી. ગાંધીનગર.**

**વિ રૂ ધ્ધ**

**સામાવાળાઃ-**

(૧) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સેકટર-૩ એ ન્યુ, ગાંધીનગર.

(૨) રોજગાર પ્લેસમેન્ટ અધિકારીશ્રી,
બ્લાઇન્ડ પીપલ્સ એસોસીએશન,
અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.

વાદી શ્રી રાઠોડ યુવરાજસિંહ ભરતસિંહએ તેમની તા.૪/૧૦/૨૦૧૫ ની અરજીથી રજુઆત કરેલ છે કે, સેકટર-૩ એ ન્યુ ખાતે આવેલ આર.ટી.ઓ. કચેરીમાં અપંગતાના ધોરણે તેઓને ઝેરોક્ષ મશીન મુકવા માટે આર.ટી.ઓ. કચેરી ધ્વારા જગ્યા ફાળવવામાં આવતી ન હોઇ આ કોર્ટ ધ્વારા તેઓને ઝેરોક્ષ મશીન મુકવા માટે જગ્યા ફાળવવા માટે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ગાંધીનગરને જરુરી હુકમ કરવામાં આવે. રાઠોડ યુવરાજસિંહ ભરતસિંહ ૫૦ ટકા અપંગતા ધરાવે છે અને ધોરણ - ૧૨ પાસ બેરોજગાર યુવાન છે.

૨.	ઉપરોકત રજુઆત પરત્વે આ કોર્ટ ધ્વારા તેઓની અરજીની કેસ નં. ૫૧૯/૨૦૧૫ તરીકે નોંધણી કરી સંબંધિત પક્ષકારોને તા.૨/૬/૨૦૧૫ ની મુદતે હાજર રહેવા જાણ કરવામાં આવેલ. પ્રથમ મુદતે અરજદાર શ્રી  રાઠોડ યુવરાજસિંહ ભરતસિંહ અને  એ.આર.ટી.ઓ. કચેરી તરફથી સી.કલાર્ક હાજર રહેલા તથા અંધજન મંડળ તરફથી શ્રી રમેશભાઇ હાજર રહેલા. મુદતે એ.આર.ટી.ઓ. કચેરી ધ્વારા રજુઆત કરવામાં આવેલ કે, નામદાર સુપ્રીમ કોર્ટના ચૂકાદા અન્વયે હાઇસીકયોરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફાળવવા અને ફીટ કરવા કચેરીના કંપાઉન્ડરમાં જગ્યા ફાળવવામાં આવેલ છે. બાકી રહેતી જગ્યા ઉપર મોટર સાયકલ તેમજ હળવા મોટર વાહનોના ટેસ્ટીંગ માટે ટેસ્ટીંગ ટ્રેક બનાવેલ છે, જે પણ કચેરીના ક્ષેત્રફળની સારી એવી જગ્યા રોકે છે. તદ્દપરાંત  રોજબરોજ આવતા નવા ધ્વીચક્રી તેમજ હળવા મોટર વાહનોની નોંધણી, તમામ પ્રકારના જુના વાહનોનું રી-રજીસ્ટ્રેશન તેમજ મુલાકાતીઓના વાહનોના પાકીંગ માટે અગાઉથી જગ્યા ફાળવેલ હોઇ કચેરીના કંપાઉન્ડમાં હાલ જગ્યા બાકી રહેતી ન હોઇ વાદી માટે આર.ટી.ઓ. કચેરી ખાતે જગ્યા ફાળવી શકાય તેમ નથી.  તદ્દપરાંત કંપાઉન્ડમાં બાકી રહેતી જગ્યા ઉપર વૃક્ષોના વાવેતર માટે જગ્યાની ફાળવણી કરવાની પણ બાકી હોઇ અરજદારને આ હેતુ માટે જગ્યા ફાળવી શકાય તેમ નથી. અંધજન મંડળતરફથી મૌખિક રીતે અરજદારને જગ્યા ફાળવવા માટે રજુઆત કરી તેઓને  તક મળશે તો સંસ્થા તેઓને યોગ્ય મદદ પૂરી પડશે તેમ જણાવેલ.. અરજદારની રજુઆત પરત્વે હજી પુનઃ વિચારણા કરી કોઇ કાર્યવાહી થઇ શક્તી  હોય તે કરવા અને વધુ વિચારણા માટે મુદત તા.૯/૬/૨૦૧૫ ના રોજ માટે મુલતવી રાખવામાં આવેલ.

૩.	તા.૯/૬/૨૦૧૫ ના રોજ તમામ પક્ષકારો હાજર રહેલા. આર.ટી.ઓ. તરફથી હજી કોઇ વિચારણા થયેલ ન હોઇ પુનઃ મુદત તા.૩૦/૬/૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ. તા.૩૦/૬/૨૦૧૫ના રોજની મુદતે એ.આર.ટી.ઓ. કચેરી ધ્વારા શ્રી કે.વી. પટેલ, એ.આર.ટી.ઓ.એ રુબરુમાં ઉપસ્થિત રહી  કચેરીના કંપાઉન્ડના ફોટોગ્રાફસ અને કચેરીના  બિલ્ડીંગના પ્લાન રજુ કરી રજુઆત કરેલ કે, હાલમાં કાચા-પાકા લાયસન્સની કામગીરી, વાહનોના રજીસ્ટ્રેશનની કામગીરી, મોટરીંગ પબ્લીકની કામગીરી, મુલાકાતીઓ તથા વાહનોની સંખ્યામાં થયેલ વધારો વગેરે ધ્યાને લેતાં અગાઉ રજૂ કરેલ જવાબ મુજબ કંપાઉન્ડમાં

જગ્યા આપવી મુશ્કેલ છે. આ ઉપરાંત મોટરીંગ ખાતાને વાહનોના ગુન્હા સબબ વાહનો ડીટેઇન કરવાની સત્તા હોવાથી ડીટેઇન કરેલ વાહનો  કંપાઉન્ડમાં રાખવાના હોય છે. આ સંજોગોમાં મોટરીંગ પબ્લીકના વાહનોના પાકીંગની જગ્યા ખુબ જ ઓછી રહે છે.  આમ છતાં તેઓએ કાર્યપાલક ઇજનેર, પેટા વિભાગ-૨, પાટનગર યોજના ભવન, ગાંધીનગરને આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા પત્ર લખેલ છે. તા.૨૯/૫/૨૦૧૪ ના પત્રથી એ.આર.ટી.ઓ. કચેરી ધ્વારા પાટનગર યોજના ભવનને પત્ર લખી વધુ ૩૦૦૦ થી ૪૦૦૦ મીટર જેટલી જગ્યા ફાળવવા દરખાસ્ત કરેલ છે, જેની ઉપર પણ કોઇ કાર્યવાહી થયેલ નથી.  તદુપરાંત કચેરીના તા.૮/૨/૨૦૧૩ અને તા.૧૪/૩/૨૦૧૪ ના પત્રથી કચેરીના પ્રીમાઇસીસની પાછળ દક્ષિણ બાજુમાં ધ રોડ સાઇડમાં આવેલ વનવિભાગની જગ્યા પાર્કીંગ માટે ફાળવવા વિનંતી કરેલ છે. પરંતુ આવી કોઇ જગ્યા હજુ સુધી આ કચેરીને  ફાળવવામાં આવેલ નથી. તે જોતાં અને આ કચેરીના કામકાજમાં દલાલ પ્રથાને વેગ ન મળે તે હેતુથી પણ આ હેતુ માટે જગ્યા ફાળવવી શકય નથી.

૪.	અધંજન મંડળ, અમદાવાદના તા.૮/૬/૨૦૧૫ ના પત્રથી રજુઆત કરવામાં આવેલ કે, વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ધ્વારા પ્રત્યેક જીલ્લાની આર.ટી.ઓ. કચેરી ખાતે વિકલાંગ વ્યકિતને સ્વરોજગાર મળે તે હેતુથી ઝેરોક્ષ મીશન મુકવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. ગાંધીનગર કચેરીમાં  પણ જો અરજદારને  આ હેતુ માટે જગ્યા ફાળવવામાં  આવશે તો અંધજન મંડળ તરફથી અરજદારને સ્વરોજગાર કેન્દ્ર માટે જરુરી સહયોગ આપશે.

૫.	કેસની સમગ્ર બાબતો ધ્યાને લેતાં આ કેસમાં હકીકત નીચે મુજબ જણાય છે.

(૧)	નામદાર સુપ્રીમકોર્ટના આદેશ મુજબ વાહનોની હાઇસીકયોરીટી નંબર પ્લેટ બનાવવા, વાહનો ઉભા રાખવા અને જરુરી કાર્યવાહી માટે એ.આર.ટી.ઓ. કચેરી ખાતે તે હેતુ માટે જગ્યા ફાળવવામાં આવેલ છે.

(૨) સહા.પ્રા.વા.વ્ય.અધિકારીની કચેરીમાં રોજ-બ-રોજની કામગીરી જેવી કે, ડ્રાયવિંગ ટેસ્ટ માટે ટેસ્ટીંગ ટ્રેક, રોજબરોજ આવતા નવા ધ્વીચક્રી તેમજ હળવા વાહ્નોની નોંધણી માટે જગ્યાની જરૂરિયાત રહે છે તે મુજબ જગ્યા ફાળવવામાં આવેલ છે.

(૩) તમામ પ્રકારના / તમામ વર્ષના વાહ્નોના રી-ઇન્સપેકશન , નોંધણી તથા કચેરીની મુલાકાતે આવતા મુલાકાતીઓના વાહ્નોના પાર્કીંગ, કર્મચારીઓ અધિકારીઓના વાહ્નોના પાર્કીંગ માટે કચેરીના કંપાઉન્ડમાં જગ્યા ફાળવવામાં આવેલ છે.

(૪) ગાંધીનગર ખાતે માન.મંત્રીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ અન્ય વર્ગના મુલાકાતીઓનું પ્રમાણ ખુબ જ રહે છે. જેના કારણે વાહ્નોના પાર્કીંગ માટે કંપાઉન્ડમાં સારી એવી જગ્યા રોકાય છે.

(૫) ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી સમગ્ર રાજયમાં મોડલ કચેરી બનેલ છે. જેના કારણે કંપાઉન્ડમાં તમામ પ્રકારના સંલગ્ન કામકાજ માટે જગ્યા ફાળવી આયોજન કરવામાં આવેલ છે.

(૬) સહા.પ્રા.વા.વ્ય.અધિકારી ધ્વારા વાહ્ન વ્યવહાર કમિશ્નરશ્રી ધ્વારા વનવિભાગ પાસેથી જગ્યા મેળવવા તથા કાર્યપલક ઇજનેર, પાટનગર યોજના ભવન, ગાંધીનગરની કચેરી મારફતે વધુ જગ્યા ફાળવવા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે અન્ય સંબંધિત ખાતાઓ તરફથી હજુ સુધી કોઇ વધુ જગ્યા ફાળવવામાં આવેલ નથી. જેથી પ્રા.વા.વ્ય.અધિકારી, ગાંધીનગરની કચેરી માટે કમ્પાઉન્ડમાં અપૂરતી જગ્યા છે.

(૭) અરજદાર વિકલાંગ છે અને સહા.પ્રા.વા.વ્ય.અધિકારીની કચેરીના કમ્પાઉન્ડમાં જ ઝેરોક્ષ રાખી કામ કરવા જગ્યાની માંગણી કરી છે.

ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતાં આ કેસમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

<u>**હુકમ**</u>

સહાયક પ્રાદેશિક વાહ્ન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે આવેલ કંપાઉન્ડમાં વાહ્નોના રીટેસ્ટીંગ, ટેસ્ટીંગ, હાઇસીકયોરીટી નંબર પ્લેટ બનાવવા તથા મુલાકાતીઓના વાહ્નોના પાર્કીંગ વિગેરે કામગીરી માટે જગ્યા ફાળવણી કર્યા બાદ કંપાઉન્ડમાં કોઇ જગ્યા બાકી રહેતી નથી. તે સંજોગોમાં

અરજદારની માંગણી મુજબ સહા. પ્રા. વા. વ્ય. અધિકારીની કચેરીના કમ્પાઉન્ડમાં જગ્યા ફાળવી શકાય તેમ નથી. અરજદાર ધ્વારા કચેરીના કંપાઉન્ડની બહાર પોતાની રીતે વ્યવસ્થા કરી ઝેરોક્ષ મશીન મુકી સ્વરોજગાર ઉપાર્જીત કરી શકે છે. આ હેતુ માટે સહા. પ્રા.વા.વ્ય. અધિકારી, ગાંધીનગરની કચેરીમાં જગ્યા ફાળવવાની રજુઆત ઉચિત નથી. સમગ્ર બાબતો ધ્યાને લઇ અરજદારની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**(સંજય નંદન)**
**કમિશનર.**

પ્રતિ,

(૧) શ્રી રાઠોડ યુવરાજસિંહ ભરતસિંહ, ૬૬૭/૧, સુર્યપુજન સોસાયટી, પેથાપુર, તા.જી. ગાંધીનગર.

(૨) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સેકટર-૩ એ ન્યુ, ગાંધીનગર.

(૩) રોજગાર પ્લેસમેન્ટ અધિકારીશ્રી, બ્લાઇન્ડ પીપલ્સ એસોસીએશન, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.